પત્રિકા ૧૪૪

# ચિરાગે હિદાયત

૦૨/૦૨/૧૮
૧૫ જ.અવ્વલ

## આ અઠવાડિયાની મુનાસેબત

૧૫ જ.અવ્વલ – વિલાદતે ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.)

## અય્યામે ફાતેમીયાહનું મહત્વ

હઝરત ફાતેમા ઝહેરા(સ.અ.) હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની પ્યારી દુખ્તરની શહાદતની યાદમાં જે દીવસો મનાવવામાં આવે છે તેને 'અય્યામે ફાતેમીયાહ' કહેવામાં આવે છે. આ અય્યામ ૧૪ જમાદીઉલ અવ્વલથી લઈને ૩ જમાઉદીલ આખર સુધી મનાવવામાં આવે છે. અમુક દેશો જેવા કે ઈરાનમાં આ અય્યામ ૨૦ જમાદીઉલ આખર (વિલાદતે હઝરત ફાતેમા ઝહેરા(સ.અ.)) સુધી મનાવવામાં આવે છે.

* *અય્યામે ફાતેમીયાહ શા માટે ?*

આપણે આ અય્યામ તે દુઃખદાયી સંજોગોનો સોગ મનાવવા માટે મનાવીએ છીએ, જેમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની શહાદત બાદ હઝરત ફાતેમા ઝહેરા(સ.અ.)ના ઘર ઉપર હુમલાના સમયે તેમના દિકરા જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.)ની શહાદત થઈ હતી અને ત્યારબાદ અમુક સમય પછી આપ(સ.અ.)ની શહાદત થઈ.

આપણું માનવું છે કે જનાબે ફાતેમા ઝહેરા(સ.અ.)નો સોગ મનાવવો તથા તેમના આ અય્યામ ખુબજ મહત્વપૂર્ણ છે. જેવી રીતે ઈમામ હુસૈન(અ.સ.)નો સોગ મનાવવો અને તેમના અય્યામ મહત્વના છે.

હઝરત ફાતેમા ઝહેરા(સ.અ.)ના ઘર ઉપર હુમલો આલે મોહમ્મદ(અ.મુ.સ.) માટે કરબલા કરતા પણ વધુ પીડાદાયક છે.

ઈમામ જાફર સાદિક(અ.સ.)એ ફરમાવ્યું, 'અમારા માટે કરબલા કરતાં કોઈ મોટી મુસીબત નથી બલ્કે તે સકીફાનો દિવસ અને અમીરૂલ મોઅમેનીન અલી(અ.સ.), જનાબે ફાતેમા(સ.અ.), ઈમામ હસન(અ.સ.), ઈમામ હુસૈન(અ.સ.), જનાબે ઝયનબ(સ.અ.), જનાબે ઉમ્મે કુલસૂમ(સ.અ.) અને જનાબે ફીઝઝાના ઘરનો દરવાજો સળગાવવો અને જનાબે મોહસીન(અ.સ.)ને લાત વડે શહીદ કરવા તે વધારે સખ્ત અને વધારે દુઃખદાયક છે કારણકે આ દિવસે જ તે દિવસ (આશુરા)નો પાયો નાખ્યો. *(હિદાયતુલ કુબરા, પા. ૪૧૭)*

પછી મોમીનોના દિલોમાં જે આગ ઈમામ હુસૈન(અ.સ.) માટે બળે છે જે કયારેય ઠંડી નહી થાય તે હઝરત ફાતેમા ઝહેરા(સ.અ.) માટે પણ વધુ તીવ્રપણે બળવી જોઈએ.

* *આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના અધિકારોનું રક્ષણ :*

અય્યામે ફાતેમીયાહ તે બીબીનો સોગ મનાવવો છે જે રીસાલત અને ઈમામતના રક્ષણ માટે મોખરે હતા અને આ ઈમામત અને રીસાલત ઉપરના હુમલાઓની સામે દીફા કરવી તે આપણે આપણી ઝિંદગીઓમાં ઉતારવું જોઈએ.

**હવે રહી તે દીવાલ, તો તે ગામના બે યતીમ બાળકોની હતી, અને તેની હેઠળ તેઓનો એક ખઝાનો (દાટેલો) હતો, અને તે બંનેનો પિતા નેક માણસ હતો.**

કુરઆનની આયત સુરે કહફ (૧૮–૮૨)ની તફસીરમાં  ઈમામ  હુસૈન(અ.સ.)એ ફરમાવ્યું કે મારા પિતાએ તેમના પૂર્વજોથી ફરમાવ્યું **''તે બે યતીમ બાળકોની દસ પેઢી પહેલાનો પિતા પ્રમાણિક હતો. (તેમ છતાં હઝરત ખિઝર(અ.સ.) તેમના ઉપર રહેમ કર્યો.)**

**જયારે કે અમે હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ની આલ છીએ, અલ્લાહના રસુલ(સ.અ.વ)ના હકના વાસ્તે અમારા હક્કોનું રક્ષણ કરો.''**

રાવી કહે છે કે મેં લોકોને આ હદીસ ઉપર બધી બાજુ રડતા જોયા.

*(કશ્ફુલ ગુમ્મહ, ભા.૧, પા.૫૧)*

તો પછી હઝરત ફાતેમા ઝહેરા(સ.અ.)ના શીઆઓની એ જવાબદારી છે કે તેઓ દરેક ઝમાનામાં આલે મોહમ્મદ(અ.મુ.સ.)ના હકકોની દીફા માટે તેઓનું પુરે પુરૂં યોગદાન આપે અને આ યોગદાનનો એક રસ્તો એ છે કે અય્યામે ફાતેમીયાહ એવી રીતે દિલથી અને પુરા જઝબા સાથે મનાવે કે જેવો તેનો હકક છે.

ઈબ્ને અબ્બાસ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)થી રિવાયત કરે છે કે આપ(સ.અ.વ.)એ ફરમાવ્યું **''જાણે કે હું જોઈ રહ્યો છું કે દુઃખ અને ચીંતા મારી દુખ્તરના ઘરમાં દાખલ થાય છે, તેમના આદર (સન્માન)નું ઉલ્લંઘન કરવામાં આવી રહ્યું છે, તેમના હક્કને ગસબ કરવામાં આવ્યો છે, તેમનો વારસો નકારી કાઢવામાં આવે છે, તેમના હમલને સાકીત કરવામાં આવ્યો છે અને (તકલીફના સમયમાં) તે પૂકારશે 'અય મોહમ્મદ!' પણ તેમની પુકારનો કોઈ જવાબ આપશે નહીં.''** *(ફરાએદુસ સીમતૈન, ભા.૨, પા.૩૫)*

* *હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) ના ઈસ્લામી એહકામ બાબતે અમુક કૌલ :*

- કૌમની નિયમીતતા અને ઈત્તેહાદ માટે અમારી ઈતાઅત વાજિબ કરવામાં આવી છે.
- ઉમ્મતને ફસાદથી મહેફુઝ રાખવા માટે અમારી ઈમામત અને રહેબરીને જરૂરી કરાર કરવામાં આવી છે.
- દિલોને એકબીજાથી નઝદીક થવા માટે અદ્લો ઈન્સાફને જરૂરી કરાર કરવામાં આવ્યા છે.
- ઉમ્મતે ઈસ્લામીયાની કામિયાબી માટે અમ્ર બિલ માઅરૂફ અને નહિ અનીલ મુન્કરની અદાયગીને વાજિબ કરવામાં આવી છે. *(અયાનુશ્શિયા, જિ.૧, પે.૩૧૬)*

* *અય્યામે ફાતેમીયાહ દરમ્યાન આપણી જવાબદારીઓ :*

- આપણે હઝરત ફાતેમા ઝહરા(સ.અ.) ઉપર પડેલી મુસીબતોની યાદને તાજી કરવી જોઈએ અને ઈમામ મહદી(અ.સ.)નો ઝુહુર જલ્દી થાય તે માટે દુઆ કરવી જોઈએ.
- તેમની શહાદત સાથે જોડાએલા બધા બનાવો જેવા કે આગ લગાવીને તેમના ઘર ઉપર હુમલો કરવો, જનાબે મોહસીન ઈબ્ને અલી(અ.સ.)ની શહાદત, ફદકનું છીનવી લેવું વિગેરેનો વ્યાપકપણે પ્રચાર કરવો જોઈએ.
- આ દિવસો દરમ્યાન આપણે એવા સોગની હાલતમાં રહેવું જોઈએ કે જેવો આપણે મોહર્રમ દરમ્યાન ઈમામ હુસૈન(અ.સ.)નો સોગ મનાવીએ છીએ જેમ કે કાળો લીબાસ પહેરવો તેમજ મજલીસો અને જુલુસ વિગેરે વડે આ અય્યામને મનાવવા જોઈએ.
- ફદકના ખુત્બાને ફેલાવવાની અને તેને ઝબાની યાદ કરવા-કરાવવાની વધારે પ્રમાણમાં કોશિશ કરવી જોઈએ.
- મુસ્લીમોને આ બનાવના બારામાં સાચી દલીલો વડે હકક તરફ દોરવાની કોશિશ કરવી, કેમકે આજ કારણ હતું કે આ નુરાની બીબી(સ.અ.)એ આટલી બધી તકલીફો વેઠી. નહીતર તેમના માટે સાવ સહેલું હતું કે તેઓ તેમના દુશ્મનો માટે ફક્ત એક બદદુઆ કરે અને તેઓને નાબુદ કરી દે.

**પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ**
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com

* હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ ફરમાવ્યું :

''બેશક! અલ્લાહ જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ની નારાઝગીથી નારાઝ થાય છે અને તેમની ખુશ્નુદીથી ખુશ થાય છે.'' (મુસ્તદરક/અલ એસાબહ/તેહઝીબુત્તેહઝીબ/કન્ઝુલ ઉમ્માલ)

# અય્યામે ફાતેમીય્યાહ (મર્દોમાં)

| | |
|---|---|
| **મૌલાના સમર ઝૈદી સાહેબ**<br>તા.૩૧ જાન્યુઆરીથી<br>તા.૪ ફેબ્રુઆરી સુધી<br>સમય : રાત્રે ૯/૪૫ કલાકે<br>વિષય : **ખુત્બ-એ-ફદક** | **મૌલાના ઝફરૂલ હસન સાહેબ**<br>તા.૧૧ ફેબ્રુઆરીથી<br>તા.૧૫ ફેબ્રુઆરી સુધી<br>સમય : રાત્રે ૯/૪૫ કલાકે<br>વિષય : **વિલાયતના પ્રથમ રક્ષક** |
| **હાજી માસુમભાઈ ભોજાણી સાહેબ**<br>તા.૫ ફેબ્રુઆરીથી<br>તા.૭ ફેબ્રુઆરી સુધી<br>સમય : નમાઝે મગરેબૈન બાદ, મસ્જિદ હોલમાં<br>વિષય: **સિરતે જનાબે ઝહરા(સ.અ.)** | **મૌલાના વસી હસન ખાન સાહેબ**<br>તા.૧૬ ફેબ્રુઆરીથી<br>તા.૨૦ ફેબ્રુઆરી સુધી<br>સમય : રાત્રે ૯/૪૫ કલાકે |
| **મૌલાના અલ્હાજ આબીદ બીલગ્રામી સાહેબ**<br>તા.૮ ફેબ્રુઆરીથી<br>તા.૧૦ ફેબ્રુઆરી સુધી<br>સમય : રાત્રે ૯/૪૫ કલાકે<br>વિષય : **મઝલુમીય્યતે જનાબે ઝહરા(સ.અ.)** | **મૌલાના જાવેદ રઝા મિર્ઝા સાહેબ**<br>તા.૮ ફેબ્રુઆરીથી<br>તા.૧૦ ફેબ્રુઆરી સુધી<br>સમય : રાત્રે ૯/૪૫ કલાકે<br>વિષય : **અઝમતે જનાબે ઝહરા(સ.અ.)** |

*સ્થળ : જનાબનું મકાન, આંબાચોક, ભાવનગર.*

તમામ આશિકાને એહલેબૈત(અ.મુ.સ.)ને ગુઝારીશ છે કે આવો...
આ ગમનાક દિવસોની તાઅઝીય્યત પંજેતને પાક(અ.મુ.સ.), તમામ અઈમ્મા(અ.મુ.સ.) અને મુન્તકીમે ખુને જનાબે મોહસીન(અ.સ.), ઈમામે ઝમાના(અ.ત.ફ.શ.)ની ખિદમતમાં પેશ કરીએ અને દરેક મજલીસોમાં સમયસર બહોળી સંખ્યામાં હાજરી આપીએ.